


# આર્યભટ્ટ

જન્મ : ઈ.સ.પૂર્વે ૪૭૬

જન્મસ્થળ : કુસુમપુર(પાટલીપુત્ર)

અભ્યાસ : નાલંદા વિશ્વ વિધ્યાલય

- 23 વર્ષની ઉંમરે 'આર્યભટ્ટીય' ગ્રંથ ની રચના કરી હતી
- પૃથ્વીગોળ છે,અને પોતાની ધરીની આસપાસ ફરે છે. આથી જ દિવસ- રાતથાય છે. એવું સૌપ્રથમ અનુમાન કરનાર આર્યભટ્ટ હતા.
- સૌપ્રથમ પાઈ (π) ની કિંમત 3.1416 આપી હતી. તથા ત્રિકોણમિતિ, કોટિત્રિજ્યા. ax-by = c સમીકરણ ઉકેલ રીત, ભૂમિતિ, વર્ગમૂળ, ઘનમૂળ, હિન્દુપંચાગ, ખગોળશાસ્ત્રની ગણતરી અને અવકાશક્ષેત્રની નોંધો તેમણે આપી હતી.
- તેમના અમુલ્ય પ્રદાન માટે ભારતના પ્રથમ અવકાશીય ઉપગ્રહને આર્યભટ્ટ નામ આપી તેમને શ્રદ્ધાંજલિ અર્પી છે.







# ભાસ્કરાચાર્ય


**જન્મ : ઈ. સ.૧૧૧૪**

**જન્મસ્થળ : મહારાષ્ટ્રમાં સહ્યાદ્રિ પર્વતમાળા નજીક આવેલા પાટણમાં**

- ભાસ્કરાચાર્ય પ્રખર ગણિતશાસ્ત્રી અને જ્યોતિષશાસ્ત્રી હતા. તેમના વિદ્યાગુરુ અને પિતા મહેશ્વર હતા.
- 'લીલાવતી' અંકગણિતનું પાઠ્યપુસ્તક છે.જેમા સારણીઓ સંખ્યાપ્રણાલી, આઠ પરિકર્મ, ભિન્ન,શૂન્ય, ત્રિરાશિ, શ્રેઢી, ક્ષેત્રફળ, તથા શૂન્ય પર વ્યાપક વિવેચન કરેલ છે.
- તેમના બીજગણિત પુસ્તકમાં સમીકરણ અને વર્ગ સમીકરણનું વિવેચન કરેલ છે,આ ઉપરાંત વૃતના ક્ષેત્રફળ, ગોળાના તળ, ગોળાના કદના પરિમાણો આપ્યા છે.
- "સિંદ્ધાત શિરોમણી" ગ્રંથમાં ગુરુત્વાકર્ષણ બળની શોધ વિશે ઊંડાણ પૂર્વક જાણકારી તથા પ્રકાશની ગતિ, ગ્રહણ, ગ્રહેની ગતિ વગેરે વિશે માહિતી આપવામાં આવી છે.
- ૨૦ ઓક્ટોબર ૧૯૮૧ ના રોજ ભારતની અવકાશ સંશોધન સંસ્થા, ઇસરો દ્વારા છોડાયેલ ઉપગ્રહને ભાસ્કર ૨ નામ અપાયું હતુ.
- ભાસ્કરાચાર્યને અનંત અને કલનના કેટલાક સૂત્રોનું પણ જ્ઞાન હતું. આ ઉપરાંત તેમણે તાત્કાલિક ગતિનાં સિદ્ધાંતરુપે પ્રતિપાદિત કર્યું કેઃ
- d (જ્યા q) = (કોટિજ્યા q) . dq
- શબ્દોમાં: बिम्बार्धस्य कोटिज्या गुणस्त्रिज्याहारः फलं दोर्ज्यायोरान्तरम्





વરાહમિહિરે બૃહદસંહિતા ગ્રંથ લખ્યો હતો. આ ગ્રંથ ઘણી ભારતીય લિપિઓમાં હિંદુ,જૈન અને બૌદ્ધ મંદિરોમાં સંગ્રહ થયો હતો.





# સુશ્રુત

**જન્મ : ઈ .સ. 800 BC**

**જન્મ : વારાણસી**

**મૃત્યુ : ઈ.સ. 700 BC**

- સુશ્રુત શસ્ત્રક્રિયાનાપિતા ગણાય છે.તેમને શલ્ય ચિકિત્સા બાબત "સુશ્રુત સંહિતા" ગ્રંથ લખ્યો છે. જેમાં વાઢકાપ ચિકિત્સામાં અઘરા ગણાતા સિઝેરિયન, પથરી, મોતિયો, સારણગાંઠ,તૂટેલા હાડકાં, સાંધા તેમજ કપાયેલ કાનઅને નાકની પ્લાસ્ટીક સર્જરી વગેરે 42 ઓપરેશનની વિગત આપેલ છે.
- સુશ્રુત ભારતના ખુબ જ પ્રસિધ્ધ ગણિતજ્ઞ અને જ્યોતિષશાસ્ત્રી હતા.આચાર્ય સુશ્રુતે એ સમયે નવવિકસિત શલ્યચિકિત્સા જ્ઞાનને 120 અધ્યાયવાળા પુસ્તકમાં કલમબધ્ધ કર્યું હતું.
- તેઓ જીવવિજ્ઞાન સાથે વનસ્પતિવિજ્ઞાનમાં પણ પારંગત હતા. એટલે જ આચાર્ય સુશ્રુતને પ્રથમ શલ્ય ચિકિત્સક માનવામાં આવે છે.


॥ शुभमस्तु ॥



# કણાદ મુનિ

## જન્મ : ઈ .સ. 600 BC

- વૈશેષિક દર્શનની વિચારધારાને સૌ પ્રથમ સુત્રબધ્ધ કરનાર મહર્ષિ કણાદ મુનિ હતા.
- આપણે માનીએ છીએ કે અણુની શોધ પશ્ચિમી વૈજ્ઞાનિકોએ કરી છે,પણ આ વાત સત્યથી તદ્દન વિરૂદ્ધ છે.
- કણાદ મુનિએ અણુ અને પરમાણુના પુરસ્કર્તા છે,કણ કે અણુ સિદ્ધાંતના પ્રવર્તક એટલે કણાદ તેમણે વૈશેષિક સૂત્રોના દસ પ્રકરણોમાં મૂળભૂત પાંચ તત્વોના ગતિ, સ્થળ, કાળ અને અણુ વિષે વિશેષ વર્ણન કર્યું છે.
- તેમના કહેવા પ્રમાણે છતમાંથી આવતા કિરણોમાં ઉડતા સૂક્ષ્મ કણોનો 60 મો ભાગ પરમાણુ કહેવાય છે. અણુઓનું સર્જન -વિસર્જન થતું રહે છે. અને તેમાંથી જ ભૌતિક વિશ્વનુ નિર્માણ થાય છે. એજ ખ્યાલનુ આજનુ ભૌતિકશાસ્ત્ર પ્રતિપાદિત કરે છે.
- પરમાણુની સૌ પ્રથમ વ્યાખ્યા તેમણે આપી હતી,તથા ભૌતિક રૂપે જગતનું વિભાજન તેમણે કર્યું છે.
- કણાદ ઋષિ હતા. વાયુપુરાણમાં તેમના જન્મ સ્થળનો ઉલ્લેખ પ્રભાસ પાટણ તરીકે કરવામાં આવ્યો છે. સ્વતંત્ર ભૌતિકશાસ્ત્રી ફિલસૂફી પ્રકારના આત્મનિરીક્ષણના વિચારો વિશે સૂત્રોના રૂપમાં લખનારા સૌ પ્રથમ મહર્ષિ કણાદ હતા. તેઓ "ઉચ્ચવૃત્તિ" હતા અને અનાજના કણો એકઠા કરીને ખાઈને તપસ્યા કરતા હતા. તેથી જ તેઓ " કણાદ " અથવા "કાનાભુક" તરીકે ઓળખાતા.
  કોઈ કહે છે કે તેણે કણ એટલે કે 'પરમાણુ તત્વ' નો સૂક્ષ્મ ખ્યાલ આપ્યો છે, તેથી તેને "કણદ" કહેવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે તે આખો દિવસ સમાધિમાં રહ્યા અને રાત્રે કણો એકઠા કર્યા.
- આ વૃત્તિ "ઘુવડ" પક્ષીની છે.કોઇ કહે છે કે તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાને ઘુવડના રૂપમાં તેમને શાસ્ત્રોનો ઉપદેશ આપ્યો.
- આધુનિક યુગમાં, પરમાણુ વૈજ્ઞાનિક જ્હોન ડાલ્ટનનાં હજારો વર્ષ પહેલાં, મહર્ષિ કણાદે એ રહસ્ય જાહેર કર્યું હતું કે પદાર્થમાં અણુઓ હોય છે.

वेगः निमित्तविशेषात कर्मणो जायते।

वेगः निमित्तापेक्षात कर्मणो जायते नियतदिक क्रियाप्रबन्धहेतु।

वेगः संयोगविशेषविरोधी।।




# ચરક

## જન્મ : ઈ .સ. 200 BC

- આચાર્ય ચરક આયુર્વેદાચાર્ય અને ત્વચા સંબંધી દવાના જનક તરીકે ઓળખાય છે.
- ચરક સંહિતા તેમનો મહાન ગ્રંથ છે. ચરક પરથી ચિકિત્સક શબ્દ આવેલ છે.ચરક એ ચરકાચાર્ય તરીકે પૃથ્વીલોકમાં આર્યુવેદના પ્રખર પંડિત તથા આરોગ્ય દાતા તરીકે શોભતા હતા.
- તેમણે ચરક સંહિતાના મૂળ સંસ્કરણ અગ્નિવેશ તંત્રના કાર્યને વિસ્તૃત કરીને આગળ વધાર્યું હતું.
- તેમણે વનસ્પતિ વિજ્ઞાનની પણ શોધ કરી હતી.આર્યુવેદ ચિકિત્સાના પાયાના સિદ્ધાંતોને સ્થિર કરવાનું કાર્ય ચરકસંહિતા એ કર્યુ છે,જેના ઉપર તે પછી ચિકિત્સાની વિશાળ ઇમારત ઊભી થઈ છે.
- ટૂંકમાં માંદગી આવે જ નહિ એ પ્રકારે આયોજન એ ચરક સંહિતાનું પ્રથમ પ્રયોજન છે.
- ચરક સંહિતામાં મુખ્ય 8 વિભાગો નીચે પ્રમાણે છે:

1. સૂત્ર સ્થાન
2. નિદાન સ્થાન
3. વિમન સ્થાન
4. શરીર સ્થાન
5. ઇન્દ્રિય સ્થાન
6. ચિકિત્સા સ્થાન
7. કલ્પ સ્થાન
8. સિદ્ધિ સ્થાન

તા.રાજુલા જિ.અમરેલી



# બ્રહ્મગુપ્ત

## જન્મ: ઇ.સ ૫૯૮
## મૃત્યુ: ઇ.સ 668

- બ્રહ્મગુપ્ત છઠ્ઠી સદીના મહાન ગણિતશાસ્ત્રી હતા. આ ઉપરાંત સિદ્ધાંતવિશોધક તેમજ મૌલિક સંશોધનકાર હતા. બીજગણિતની શોધ તેમણે કરી હતી. તેમણે "બ્રહ્મસ્ફુટસિદ્ધાંત" ધ્યાનગ્રહ, અને "ખંડનખાધક" જેવા મહાન ગ્રંથો લખ્યા હતા.
- બ્રહ્મગુપ્તે ઇ.સ 628 માં સમીકરણના એક વર્ણ, અનેક વર્ણ, મધ્યમાહરણ તથા ભાવિત એમ પ્રકાર આપ્યાં હતાં. એકવર્ણ સમીકરણમાં અજ્ઞાત સંખ્યા એકથી વધારે હોય છે. ભારતમાં ગણિતની પ્રગતિ, જ્ઞાન તથા શક્તિ અને શૂન્ય, દશાંશ પદ્ધતિ, બીજગણિત વગેરેનો પરિચય કરાવ્યો હતો.
- ભાસ્કરાચાર્યશ્રીએ બ્રહ્મગુપ્તને સાભિપ્રાય ગણક ચક્ચુડામણીનુ બિરુદ આપ્યું હતું.
- મહાન ભારતીય ખગોળશાસ્ત્રીઅને જ્યોતિષી ભાસ્કરાચાર્યે પોતાના ગ્રંથ 'સિદ્ધાંતશિરોમણિ' માં બ્રહ્મગુપ્તના સિદ્ધાંતો સ્વીકાર્યા છે. બ્રહ્મગુપ્તના બ્રહ્મસિદ્ધાંતને ભાસ્કરાચાર્યે વધુ સ્ફુટ કરી તેમનું કાર્ય આગળ વધાર્યું છે



# નાગાર્જુન


## જન્મ: બીજી સદી


- નાગાર્જુનને રસાયણશાસ્ત્રના પિતામહ ગણવામાં આવે છે.
- તેમણે "રસરત્નાકર"  અને "આરોગ્ય મંજરી" જેવા પુસ્તક લખ્યા છે.

  તેમણે પારાને શુદ્ધ કરવાની વિધિ અને વિવિધ ઔષધીયપ્રયોગની વિધિ આપી હતી.
- રસાયણશાસ્ત્ર એ પ્રયોગાત્મક વિજ્ઞાન છે.આ વિધ્યા વિવિધ ખનીજો, છોડ, કૃષિબીજ,

  વિવિધ ધાતુનું નિર્માણ કે પરિવર્તન તથા સ્વાસ્થ્યની દ્રષ્ટિએ જરૂરી ઔષધીના નિર્માણમાં ઉપયોગી છે.
- રસાયણશાસ્ત્રી અને ચિકિત્સક એવા નાગાર્જુન દ્રવ્ય , રસાયણશાસ્ત્ર અને ધાતુશાસ્ત્રના પિતા છે.

  તેમણે સોનું બનાવવાના પ્રાચીન વિજ્ઞાનને યોગ્ય સાબિત કર્યું હતું.






# મહાવીરાચાર્ય

**જન્મ : 815 BC**

**જન્મસ્થળ : મૈસુર**

- મહાવીરાચાર્ય મૈસુરમાં આવેલી જૈન શાળામાં ગણિતજ્ઞ હતા. તેમણે ગણિત સાર સંગ્રહ ગ્રંથ લખ્યો હતો. તેમાં સરળ, રસપ્રદ અને રમૂજી શૈલી હોવાથી લોકપ્રિય થયેલ હતો.તેમના પુસ્તકને દક્ષિણ ભારતના પાઠ્ય પુસ્તકોમાં અભ્યાસ તરીકે સમાવેશ કરાયો હતો.
- બે સંખ્યાનો ગુણાકાર કરતા જે ગુણનફળ આવે સંખ્યાના અંકો જમણી બાજુ થી કે ડાબી બાજુથી બન્ને તરફ વાંચતા એક જ સરખી સંખ્યા બને છે. આવી સંખ્યા ને "કંઠાભરણ" નામ આપ્યું હતું.
- ઉપવલયના વક્ર સંબંધી વિવરણ કરનાર તે પ્રથમ ગણિતશાસ્ત્રી હતા. તેમને ક્ષેત્રફળ અને પરિમિતિ સબંધી સૂત્રો આપેલા હતા.
- આમ મહાવીરાચાર્ય, ભારતીય ગણિતશાસ્ત્રી અને જૈનજ્યોતિષ ગણિતના લેખક હતા.
- અપૂર્ણાંકના આંકડાઓમાં લઘુતમ સાધારણ અવયવીની સંકલ્પના વાપરનાર મહાવીર પહેલા ભારતીય ગણિતજ્ઞ હતા. જેના અંશમાં એક હોય તેવા અપૂર્ણાંકો માટે મહાવીરે કેટલાંક સૂત્રો આપ્યાં; દા.ત.,

$1=\frac{1}{2}+\frac{1}{3}+\frac{1}{3^2}+\dots\dots\frac{1}{3^{n-2}}+\frac{1}{2.3^{n-2}}$ આ સૂત્રમાં n = 7 મૂકીએ તો

જમણી બાજુ $=\frac{1}{2}+\frac{1}{3}+\frac{1}{3^2}+\dots\dots\frac{1}{3^5}+\frac{1}{2.3^5}$

$=\frac{1}{2}+\frac{1}{3}+\frac{1}{3^2}+\frac{1}{3^3}+\frac{1}{3^4}+\frac{1}{3^5}+\frac{1}{2.3^5}$

$=\frac{1}{2}+\frac{1}{3}+\frac{1}{9}+\frac{1}{27}+\frac{1}{81}+\frac{1}{243}+\frac{1}{2(243)}$

$=\frac{1}{2}+\frac{1}{3}+\frac{1}{9}+\frac{1}{27}+\frac{1}{81}+\frac{1}{243}+\frac{1}{486}$

$=\frac{243+162+54+18+6+2+1}{486}=\frac{486}{486}=1$



# બૌધાયન

## જન્મ : 400 BC

- કૃષ્ણયજુર્વેદ શાખાના પ્રવર્તક આચાર્ય બૌધાયન ત્રિકોણમિતિના પિતા ગણાય છે.
- પોતાના કાર્યકાળમાં મહાન ગણિતજ્ઞ હતા.તેમણે પ્રમેય,ભૂમિતિ અને ત્રિકોણમિતિની ઘણી પદ્ધતિ શોધી હતી. તેઓ વેદો,વેદાંગો અને પ્રાચીન ભારતીય કાયદાનું સ્વરૂપ જાણતા હતા.
- તેમણે ધર્મ,શરીર તથા મનની શુધ્ધિ,વેદોના અધ્યયનના પ્રકાર,જપ,તપ,હોમ તથા બીજા અનેક વિષય પર સ્માર્તસૂત્ર,શ્રોતસૂત્ર ધર્મસૂત્ર અને ગહ્યસૂત્ર આપેલ છે.
- બૌધાયનથી પ્રેરિત થઈને પાઈથાગોરસે પ્રમેય સિદ્ધાંતની રચના કરી હતી.



# ભારદ્વાજ

## જન્મ : 600 BC

- એરોનોટિકલ ટેકનોલોજીના પિતા મહર્ષિ ભારદ્વાજને કહેવામાં આવે છે.
- મહર્ષિ ભારદ્વાજે'યંત્ર સર્વસ્વ' નામનો ગ્રંથ લખ્યો છે. જેમાં આઠ અધ્યાયમાં 100 અધિકરણ અને 500 સુત્ર છે. જેના ચાલીસમા અધિકરણમાં વિમાન વિષયક વાતો કરવામાં આવી છે.
- આ ઉપરાંત પૂર્વ વિમાન ચંદ્રિકા, વ્યોમયાન યંત્ર, યંત્રકલ્પ, યાનબિન્દુ જેવા ગ્રંથો લખાયેલા છે. તેમણે પ્રાચીન વિમાન ટેકનિકને વ્યવસ્થિત અને લિપિબદ્ધ કર્યું હતું.
- બૃહસ્પતિ અને મમતાની વાત્સલ્ય કુંજમાં પ્રગટ થયેલા મહર્ષિ ભારદ્વાજ મંત્રદૃષ્ટા અને આધુનિક ભાષાના ટેકનોક્રેટ કહેવામાં આવે છે.
- ભારદ્વાજ (સંસ્કૃત/ ભારદ્વાજ ) એ સપ્તર્ષિમાં ના એક મહર્ષિ ગણવામાં આવે છે.
- ભારદ્વાજ મુનિ ગુરૂ દ્રોણ(દ્રોણાચાર્ય)નાં પિતા અને કળીયુગનાં સાત અમર મહાત્મા ચિરંજીવીઓ પૈકીના એક અશ્વત્થામાના દાદા હતાં.



# મહર્ષિ પતંજલિ

જન્મ : ઈ.સ પૂર્વે બીજી સદી

જન્મ સ્થળ : ગોંડા ( ઉત્તરપ્રદેશ)

- મહર્ષિ પતંજલિ એ યોગદર્શનનો આવિષ્કાર કર્યો હતો, તેમણે યોગસૂત્ર અને મહાભાષ્ય આ બે ગ્રંથો લખ્યા હતા. તેમણે 196 યોગમુદ્રાઓ બતાવી છે.
- તેઓ યોગ વિધાના પ્રખર પ્રજ્ઞા હતા. તેમણે વિવિધ આસન, પ્રાણાયમ તથા અષ્ટાંગ યોગની વિધા પૂરી પાડી હતી.
- યોગદર્શનએ આપણા ષડદર્શનમાંનું એક છે. મહામુનિ પતંજલિએ ધર્મ અને અંધશ્રદ્ધા માંથી બહાર કાઢી યોગથી સ્વાસ્થ્યની સાથે માનસિક શક્તિનો પણ વિકાસ કર્યો હતો.
- યોગવિધાએ જીવંત વિધા છે. યોગ દ્વારા જીવનું શિવ જોડે મિલન થાય છે. આધુનિક યુગમાં તંદુરસ્તી માટે કરો યોગ રહો નિરોગ સુકિત સાર્થક થઈ રહી છે.
- મહર્ષિ પતંજલિ એ મહાન સંસ્કૃત વ્યાકરણાચાર્ય પાણિનિના શિષ્ય હતા



# મહર્ષિ અગત્સ્ય

## જન્મ : ૩૦૦૦ BC

- આપણી ભારતીય સેનાનું ધ્યેય વાક્ય છે... "श नो वरुण:" અર્થાત્ જળ દેવતા આપણા ઉપર કૃપાળુ બને. આજ બતાવે છે કે સમુદ્રયાત્રા ભારતમાં ખૂબ પ્રાચીન છે.
- અગત્સ્ય ઋષિ સાગર ધોળીને પી ગયા હતા,એવી કથા પ્રચલિત છે. એનો અર્થ એમ થાય કે તેઓ સાગરખેડૂ હતા,અને વિશ્વના સઘળા સમુદ્રો ઘૂમી વળ્યા હતા. વિશેષ કરીને સમુદ્રપારના પાડોશી દેશો જેવા કે જાવા, સુમાત્રા, બોર્નીયો લાઓસ, મલાયા વગેરેમાં તેમનો ભારે પ્રભાવ હતો. તે સમુદ્રમાર્ગે આ દેશોના પ્રવાસ કરતા હતા.
- મહર્ષિ અગત્સ્ય વીજળીના શોધક ,આકાશમાં ઉડતા બલૂન અને એરક્રાફ્ટના જનક તથા મૈત્રાવરુણી તરીકે ઓળખાય છે.




# પાણિનિ

## જન્મ- ઇ.સ પૂર્વે ૫૦૦
## જન્મભૂમિ- ગાંધાર

- સંસ્કૃત ભાષાને વ્યાકરણરૂપ આપવામાં પાણિનિનું યોગદાન અતુલ્ય માનવામાં આવે છે.
- પાણિનિ સંસ્કૃત ભાષાના પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ વ્યાકરણાચાર્ય છે. એમને અષ્ટાધ્યાયી ઉપરાંત શિક્ષા સૂત્ર, ગણપાઠ, ધાતુ પાઠ અને લિંગાનુશાસન નામના પુસ્તક પણ રચ્યા છે. આ ઉપરાંત જાંબવતી વિજય નામે કાવ્યસંગ્રહ પણ છે.
- પાણિનિનું વ્યાકરણ સર્વ સમાવેશક હોવાથી મહાભાષ્યકારએ વ્યાકરણને સર્વવેદ પરિષદ એટલે કે બધી જે પરંપરાઓના સંગ્રાહક કહેવાય છે.
- તેઓ યોગવિધા ગુરુ મહર્ષિ પતંજલીના ગુરુ હતા,







# વેદવ્યાસ

જન્મ: ગુરુ પૂર્ણિમા

માતા: સત્યવતી (મત્સ્યગંધા)

પિતા: મુનિ પરાશર

- વેદ અને વેદવ્યાસમાં વેદ એટલે જ્ઞાન અને વ્યાસ્ એટલે વિસ્તાર, જેમણે જ્ઞાનનો વ્યાપ વધાર્યો તે વેદવ્યાસ.
- મહર્ષિ વેદવ્યાસભારતની જ્ઞાનગંગાને જન જન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.તે સનાતન ધર્મનો વિચાર વડલો છે.
- વેદવ્યાસે મહાભારત ગ્રંથની રચના કરી છે.જેમાં શ્રીમદ્ ભાગવત ગીતા પણ સમાવિષ્ટ છે. તેમણે શિવપુરાણ, ગરુડ પુરાણ,માર્કડ પુરાણ, વગેરે  જેવા 18 પુરાણો તથા 4 વેદ,ઉપનિષદ જેવા અનેક વિષયોમાં નોંધપાત્ર પ્રદાન આપેલ છે.
- વેદવ્યાસનું બીજુ નામ કૃષ્ણ દ્વૈપાયનપણ હતું. તેમના ગ્રંથોમાં જગતની તમામ વાતો હોવાથી વ્યાસો ચ્છીષ્ટ જગત્સવ્મ,  કહેવાય છે.



# વાગભટ્ટ

**જન્મ ૬૦૦ AD**

**મૃત્યુ 650 AD**

**જન્મ સ્થળ સિંધ પ્રદેશ**

- વાગ્ભટ્ટ આયુર્વેદના પ્રસિદ્ધ ગ્રંથ 'અષ્ટાંગ સંગ્રહ' તથા ' અષ્ટાંગ હૃદયમ' ના રચયિતા હતા.
- વાગ્ભટ્ટજી એ "રસરત્ન સમુચ્ચય" ગ્રંથમાં રાસાયણિક ક્રિયા દ્વારા ધાતુના નુકસાનકારક ગુણધર્મને દૂર કરી તેમને રાખમાં બદલવાની વિધિ આપી છે. આ રાખને ભસ્મ કહે છે.
- આ ભસ્મ ઔષધિયોમાં મેળવવામાં આવતી જેમાં લોહભસ્મ, સુવર્ણ ભસ્મ,રજત ભસ્મ,તામ્ર ભસ્મ વગેરેનો પ્રયોગ કરવામાં આવતો હતો.
- અષ્ટાંગસંગ્રહ ગ્રંથમાં ચરક, સુશ્રુત વગેરેના બધાજ ગ્રંથોના વિષયો આવરી લીધા છે. આગ્રંથ આયુર્વેદિય સાહિત્યનો એક મહત્વપૂર્ણ સંગ્રહ ગ્રંથ છે. આ ગ્રંથ સંસ્કૃત શ્લોકોમાં છે.
- વાગ્ભટ્ટને અન્ય ઘણા આયુર્વેદ ગ્રંથોના લેખક પણ માનવામાં આવે છે

- रसरत्नसमुच्चय
- अष्टाङ्गहृदयवैदूर्यकभाष्य
  अष्टाङ्गहृदयम का स्वरचित भाष्य
- अष्टाङ्गहृदयदीपिका (भाष्य ग्रन्थ)
- हृदयटिप्पण
- अष्टाङ्गनिघण्टु
- अष्टाङ्गसार
- अष्टाङ्गावतार
- भावप्रकाश
- द्वादशार्थनिरूपण
- कालज्ञान
- पदार्थचन्द्रिका
- शास्त्रदर्पण
- शतश्लोकी
- वाग्भट
- वाग्भटीय
- वाहटनिघण्टु
- वमनकल्प



# ઋષિ ગૃત્સમદ

- સૌથી પહેલો વહેલો કપાસનો છોડ ઋષિ ગુત્સમદે વાવ્યો હતો. આ ઋષિનો સમય 20,000 વર્ષ પહેલાનો ગણવામા આવે છે
- તેમને વિવિધ પ્રયોગો કરી સૂતર બનાવ્યું હતું. તેમાંથી વણાટ, કાતણ અને ગૂંથણની પધ્ધતિઓ શોધી હતી.
- સૂતરના તાંતણાની ગણતરી કરતા કરતા ઘડિયાની શોધ કરી હતી. આ ઘડિયા બનાવવાની ક્રિયામાં ગુણાકાર જોઈએ તો ગુણાકારની શોધ કરવામાં પણ ઋષિ ગુત્સમદ નો ફાળો છે.




# વરાહમિહિર

જન્મ : આશરે ઇ.સ. ૫૦૦

સમયગાળો : ગુપ્ત સામ્રાજ્ય

મૃત્યુ : ૬ ( છઠ્ઠી) સદીના અંતમાં

- વરાહમિહિર માળવાની રાજધાની ઉજ્જૈનના એક મહાન વિદ્વાન હતા.તે ઇ.સ છઠ્ઠી શતાબ્દીના મહાન ખગોળશાસ્ત્રી હતા.
- તેમના બે મહાન ગ્રંથો "પંચસિદ્ધાંતિકો" તથા "બૃહદસંહિતા" વિજ્ઞાનના વિશ્વકોષ છે. વરાહમિહિર આર્યભટ્ટના સમકાલીન ગણાય છે.
- ભારતમાં જ્યોતિષ, ખગોળ, ગણિત, ધાતુશાસ્ત્ર, રત્નવિધા વગેરેમાં આચાર્ય વરાહમિહિરનો ફાળો ઘણો મોટો છે.
- વરાહમિહિર નો 'જલાર્ગલ અધ્યાય' ભુગર્ભ જળ સંશોધનની ચાવી છે. આજે ઘણા વરાહમિહિર કેન્દ્રો ચાલે છે. તે રીતે પશુચિકિત્સા અને કૃષિ ઉપયોગી સંશોધન પણ તેમને કર્યા છે.
- તેમણે વેધશાળાઓ તથા વાર્ષિક, પાક્ષિક કેલેન્ડર વિકસાવ્યા હતા. તેમજ ત્રિકોણમીતી, વાસ્તુ વિધા, ભવન- નિર્માણ કલા, વાયુમંડળની પ્રકૃતિ વગેરેમાં પ્રદાન હતું.



વરાહમિહિરે બૃહદસંહિતા ગ્રંથ લખ્યો હતો. આ ગ્રંથ ઘણી ભારતીય લિપિઓમાં હિંદુ,જૈન અને બૌદ્ધ મંદિરોમાં સંગ્રહ થયો હતો.